પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૨ | ૧૧ ઓગસ્ટ, ૨૦૨૨, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મુખ્યમંત્રીપદે ૮મી વખત નીતિશ કુમારના શપથ

## રાજીનામું આપ્યાના ૧૨ કલાકમાં નીતિશે ફરી સરકાર બનાવી : લાલુના દીકરા તેજસ્વી યાદવ ડેપ્યુટી સીએમ બન્યા : ચાર વર્ષ પહેલા જ એકબીજાથી છૂટા પડેલા જેડીયુ અને આરજેડી ફરી સત્તા માટે ભેગા થયા




પટણા, તા.૧૦

બિહારમાં ગઈકાલે ભજવાયેલા રાજકીય નાટક બાદ નીતિશ કુમારે રાજીનામું આપ્યાના ૧૨ કલાકથી પણ ઓછા સમયમાં આરજેડીના ટેકાથી ફરી સરકાર બનાવી લીધી છે. આજે રાજ્યપાલ ભવનમાં યોજાયેલા શપથગ્રહણ સમારંભમાં તેમણે આઠમીવાર બિહારના સીએમ તરીકે શપથ લીધા હતા, જ્યારે લાલુના દીકરા તેજસ્વી યાદવ ડેપ્યુટી સીએમ બન્યા છે. હજુ ચાર વર્ષ પહેલા જ એકબીજાથી છૂટા પડેલા જેડીયુ અને આરજેડી ફરી સત્તા માટે ભેગા થયા છે, ત્યારે એક સમયે નીતિશને પલ્ટુરામ કહેનારા તેજસ્વીએ શપથ લીધા બાદ નીતિશ 'ચાચા'ના ચરણ સ્પર્શ કર્યા હતા.

આરજેડી સહિતના પક્ષો સાથે ગઠબંધન કરી બિહારના આઠમીવાર સીએમ બનતા જ નીતિશ કુમારે ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી અંગે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૪માં સત્તા પર આવેલા લોકો શું ૨૦૨૪માં

● અનુસંધાન પાન-૭ પર

# એક્રાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાનો ખુંખાર આતંકી લતીફ રાઠર ઠાર

## રાહુલ ભટ્ટ અને આમરીન ભટ્ટ સહિત ઘણા નિર્દોષ નાગરિકોની હત્યાનો સેનાએ બદલો લીધો

શ્રીનગર,તા.૧૦

સ્વતંત્રતા દિવસ પહેલા જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષા બળોની સતર્કતાથી એક મોટો આતંકવાદી હુમલો ટળી ગયો છે. જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષા બળોએ પુલવામામાં સર્કુલર રોડ પર તહબ ક્રોસિંગ પાસે લગભગ ૨૫થી ૩૦ કિલો આઈઈડી જપ્ત કર્યું છે. આઈઈડી જપ્ત કર્યા પછી ઉધમપુર-કટરા રેલવે લિંક અને ઉધમપુર રેલવે સ્ટેશન પર સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા બળો એલર્ટ પર છે.



બીજી તરફ જમ્મુ કાશ્મીરના બડગામમાં સુરક્ષા બળોએ મોટી કાર્યવાહી શરુ કરી હતી. જાણકારી પ્રમાણે બડગામમાં એક મોટું એક્રાઉન્ટર શરુ હતું. આ એક્રાઉન્ટરમાં ત્રણ ખુંખાર આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા હતા. પોલીસના મતે આ એક્રાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાનો ખુંખાર આતંકી લતીફ રાઠર પણ ઘેરાયો હતો. લતીફ સહિત અન્ય આતંકીઓને પણ ઘેરી લેવામાં આવ્યા હતા. સામા-સામા ગોળીબારમાં આ ત્રણેય આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

કાશ્મીરના એડીજીપી વિજય કુમારે જણાવ્યું કે લતીફ રાઠર, રાહુલ ભટ્ટ અને આમરીન ભટ્ટ સહિત ઘણા નિર્દોષ નાગરિકોની હત્યામાં સામેલ હતો. પોલીસના એક પ્રવક્તાએ બુધવારે સવારે કહ્યું કે સુરક્ષા બળોએ જિલ્લામાં ખાનસાહિબ

● અનુસંધાન પાન-૭ પર

# હવે પરફોર્મન્સના આધારે કર્મચારીઓના પગાર વધશે

## અત્યારે આઠમા પગાર પંચની રચના કરવાનો કોઈ પ્રસ્તાવ સરકારની જાણમાં નથી : રાજ્ય નાણાં મંત્રી પંકજ ચૌધરી

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય કર્મચારીઓ આઠમા પગાર પંચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, પરંતુ લાગી રહ્યું છે કે સરકાર અત્યારે કોઈ કમિશનની રચના કરવાના મૂડમાં નથી. સરકાર સ્પષ્ટપણે જણાવી ચૂકી છે કે, વધુ એક પગાર પંચની જરૂર ના હોવી જોઈએ. સરકાર એવી વ્યવસ્થા પર કામ કરી રહી છે જેનાથી કર્મચારીઓનો પગાર તેમના પર્ફોમન્સના આધારે વધી શકે. આ માટે એયકરોયડ ફોર્મ્યુલાના આધારે તમામ ભથ્થા અને વેતનની સમીક્ષા કરવામાં આવી શકે છે.

કેન્દ્રીય કર્મચારીઓના પગારના માળખામાં બદલાવ કરવા માટે દર દસ વર્ષમાં એક પગાર પંચ એટલે કે પે કમિશનની રચના કરવામાં આવે છે. પંચની ભલામણોના આધારે કેન્દ્રીય કર્મચારીઓનો પગાર નક્કી કરવામાં આવે છે. અત્યાર સુધી સાત વાર પગાર પંચની રચના કરવામાં આવી છે. દેશમાં પ્રથમ પગાર પંચ જાન્યુઆરી ૧૯૪૬માં તૈયાર કરવામાં આવ્યો હતો. સાતમા પગાર પંચની રચના ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ કરવામાં આવી હતી. રાજ્ય નાણાં મંત્રી પંકજ ચૌધરીએ સોમવારના રોજ સંસદમાં જણાવ્યું કે, અત્યારે આઠમા પગાર પંચની રચના કરવાનો કોઈ પ્રસ્તાવ સરકારની જાણમાં નથી.

ઉલ્લેખનીય છે કે પંકજ ચૌધરી લોકસભામાં એક પ્રશ્નનો ઉત્તર આપી રહ્યા હતા. તેમને પૂછવામાં આવ્યુ હતું કે, શું સરકાર પાસે કેન્દ્રીય કર્મચારીઓ માટે આઠમા કેન્દ્રીય પગાર પંચનો પ્રસ્તાવ છે જેથી એક જાન્યુઆરી, ૨૦૨૬થી તેને લાગુ કરી શકાય? પંકજ ચૌધરીએ આ દાવાને ફગાવી દીધો હતો. આ પરથી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે સરકાર કોઈ પણ પંચની રચના કરવાના મૂડમાં નથી.

# નુપુર શર્મા સામેના તમામ કેસની તપાસ દિલ્હીમાં કરવાનો આદેશ

નવી દિલ્હી, તા.૧૦

પયગંબર મોહમ્મદ સાહેબ અંગે એક ન્યુઝ ટીવી પ્રોગ્રામમાં અપમાનજનક ટીપ્પણી આપવા બદલ ભાજપના ભૂતપૂર્વ પ્રવક્તા નુપુર શર્મા વિરુદ્ધ દેશભરમાં વિરોધ થયો હતો. જે બાદ નુપુર શર્માને ઘણી ધમકીઓ પણ મળી હતી. નુપુર શર્મા વિરુદ્ધ દેશભરમાં જુદી જુદી એફઆઈઆર પણ નોંધાઇ હતી. જેને લઈને સુપ્રીમ કોર્ટે એક નિર્ણય કર્યો છે.

સુપ્રીમ કોર્ટે નુપુર શર્મા વિરુદ્ધ દેશભરમાં નોંધાયેલા કેસોને એક તપાસ એજન્સીને સોંપી દીધી છે. નુપુર શર્મા વિરુદ્ધના તમામ કેસોની તપાસ હવે દિલ્હીમાં થશે. જીવના જોખમને કારણે તમામ કેસ દિલ્હી ટ્રાન્સફર કરવામાં આવ્યા.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, નુપુર શર્મા વિરુદ્ધ નોંધાયેલી તમામ એફઆઈઆરનો મોટો હિસ્સો દિલ્હીની ઘટનાઓ છે, ભવિષ્યમાં એફઆઈઆર રદ કરવાની માંગ કરવાનો પોતાનો અધિકાર ગુમાવ્યો છે, જેના માટે તે દિલ્હી હાઈકોર્ટમાં પણ જઈ શકે છે.

બેન્ચે કહ્યું કે, દિલ્હી પોલીસે ૮ જૂન, ૨૦૨૨ના રોજ એફઆઈઆર નોંધી હતી. કોર્ટે અરજદારના જીવન અને સ્વતંત્રતા માટેના ગંભીર ખતરાની નોંધ લીધી છે, તેથી આ પગલું લેવામાં આવ્યું છે.

## પ્રિયંકા ગાંધીને ફરીથી કોરોના

નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી ફરી એક વખત કોરોનાની લપેટમાં આવ્યા છે. તેમણે પોતે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, તેઓ ફરી કોરોના સંક્રમિત થયા છે. તેમણે જણાવ્યું કે, તેઓ ઘરે જ આઈસોલેટ થયા છે અને પ્રોટોકોલનું પાલન કરશે. પ્રિયંકા ગાંધી બે મહિનામાં બીજી વખત કોરોના સંક્રમિત થયા છે. આ અગાઉ તેઓ ૩ જૂનના રોજ કોરોના પોઝિટિવ થયા હતા. ત્યારે તેમના માતા સોનિયા ગાંધી પણ કોરોના પોઝિટીવ થયા હતા. જોકે, ત્યારે પણ તેઓ ઘરમાં જ આઈસોલેટ થયા હતા.

# ટ્વીટર ખરીદવા મસ્ક સજ્જ, ફરી ટેસ્લાના અબજોના શેર વેચ્યા

વોશિંગ્ટન, તા.૧૦

વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિ એલોન મસ્ક અને સોશિયલ મીડિયા કંપની ટ્વિટર વચ્ચે હાલ કેસ ચાલી રહ્યો છે. મસ્કની ટ્વિટર ખરીદવાની ઓફર બાદથી જ સમગ્ર વિશ્વમાં ચર્ચાનું બજાર ગરમાયું હતું. જોકે હાલ મસ્ક અને ટ્વિટર વચ્ચેનો મુદ્દો અમેરિકી કોર્ટમાં ચાલી રહ્યો છે. ત્યારે જે સંકેતો જોવા મળી રહ્યા છે તેના પરથી એવું લાગી રહ્યું છે કે, મસ્ક પોતાની રીતે ટ્વિટર ખરીદવા માટે પૂરતી તૈયારીઓ કરી રહ્યા છે. મસ્કે ઈલેક્ટ્રિક વ્હીકલ કંપની ટેસ્લાના અબજો ડોલરના શેર ફરી એક વખત વેચ્યા છે જેથી આ સંકેત સ્પષ્ટ થઈ રહ્યા છે.

ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે ફરી એક વખત ઈલેક્ટ્રિક વ્હીકલ કંપનીમાંથી પોતાના ભાગના ૭.૯૨ મિલિયન શેરનું વેચાણ કર્યુ છે. રિપોર્ટ પ્રમાણે ટેસ્લાએ મંગળવારના રોજ એક સિક્યોરિટીઝ ફાઈલિંગમાં સીઈઓ એલોન મસ્કે ૭.૯૨ મિલિયન શેરનું વેચાણ કર્યુ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. મસ્કને શેરના વેચાણ દ્વારા ૬.૯ અબજ ડોલર પ્રાપ્ત થયા છે.

એલોન મસ્કે અગાઉ એપ્રિલ મહિનામાં પણ ટેસ્લાના ૮.૫ અબજ ડોલરના શેર્સનું વેચાણ કર્યુ હતું.

## પ્રાર્થના સભા



સ્વ. આકાશ અગ્રાવત
(૨૭/૦૬/૧૯૮૧-૦૮/૦૮/૨૦૨૨)

અમારા સુપુત્ર શ્રી આકાશ કિરીટકુમાર અગ્રાવતનું તારીખ : ૮ ઓગસ્ટ, ૨૦૨૨ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયું છે.
સદગતની પ્રાર્થના સભા નીચેની વિગતે રાખવામાં આવી છે.

તારીખ : ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨; શુક્રવાર I સમય : સવારે ૮.૦૦ થી ૧૧.૦૦
સ્થળ : પ્રથમ માળ, સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ વાડી, સેક્ટર - ૭, ગાંધીનગર

કિરીટભાઈ મંછારામ અગ્રાવત (પપ્પા) | જસુબેન કિરીટકુમાર અગ્રાવત (મમ્મી)
અરવિંદભાઈ મંછારામ અગ્રાવત (કાકા) | નયનાબેન અરવિંદભાઈ અગ્રાવત (કાકી)
સમીરકુમાર સુરેશભાઈ ગાંધી (બનેવી) | મેઘના સમીરકુમાર ગાંધી (બહેન)

M # 98243 12517, 95864 77781

લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.



અમૃતપુરી એમ. ગોસ્વામી
(૧૩.૧૨.૧૯૫૭ - ૧૧.૮.૨૦૧૫)

અમારે માટે તો તમે છો નિરંતર પ્રેરણા સ્રોત, અમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં પથદર્શક, અમારા સ્વપ્નો, અમારા પ્રયત્નો અને અમારી પ્રતિબદ્ધતામાં તમે સદા જીવંત રહો....

न जायते म्रियते वा कदाचिन्नायं - भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
આત્માને ના જન્મ, ના મૃત્યુ, ના આદિ, ના અંત, અજન્મ અને અમર
એવો એ સનાતન સદાય, ના કોઈને હણે, ના કોઈથી હણાય
॥ શ્રીમદ ભાગવદ ગીતા (અધ્યાય-૨, શ્લોક-૨૦)

પ્રેરણા સ્મૃતિમાં
જયાબેન અમૃતપુરી ગોસ્વામી

મેહુલ એ. ગોસ્વામી | રવિપુરી એ. ગોસ્વામી
દિવ્યા એમ. ગોસ્વામી | નેહા આર. ગોસ્વામી
કુ. ધ્રીશા એમ. ગોસ્વામી
અંશ એમ. ગોસ્વામી

૧૬૭૬/૧, સેક્ટર-૨/ડી, ગાંધીનગર, મો. ૯૮૨૫૦ ૭૪૫૦૦